CHAPTER 6

# 12 Beliefs Of Saivism



| | |
|---|---|
| **1** | શિવભક્તો બધા માને છે કે **શિવ** એ એવા પરમાત્મા છે, કે જેમનું પરમ અસ્તિત્વ **પરાશિવ**, સમય, સ્વરૂપ અને સ્થળથી પર છે. યોગી તેથી સ્તબ્ધ થઇ બોલી ઉઠે છે : "એ આ નથી. એ તે નથી". સાચેજ, એવા અગમ્ય પ્રભુ ભગવાન શિવ છે.ૐ |
| **2** | શિવભક્તો બધા માને છે કે ભગવાન શિવ એ એવા પ્રભુ છે, કે જેના સર્વવ્યાપી પ્રેમ, **પરાશક્તિ**, જે શક્તિનો સ્તોત્ર બની રહે છે તે તમામ ઉર્જા, અસ્તિત્વ, જ્ઞાન અને આનંદ ના પાયામાં વહેતી મૂળ ચેતના બની રહે છે. ૐ |
| **3** | શિવભક્તો બધા માને છે કે ભગવાન શિવ એ એવા દેવ છે, જેનો આત્મા જ મૂળમાં સર્વવ્યાપક છે. તે જ **મહાદેવ**, **પરમેશ્વર** છે અને **વેદ** અને અગમ ના કર્તા છે, જે કાંઇ અસ્તિત્વ ધરાવે છે તેના સર્જક, રક્ષક અને સંહારક પણ તે જ છે. ૐ |
| **4** | શિવભક્તો બધા શિવ અને **શક્તિ** ના પુત્ર **મહાદેવ** , **ગણેશ** માં શ્રદ્ધા સેવે છે, જેમની કોઇ પણ વિધી, પ્રાર્થના કે કાર્ય કરતા અગાઉ પૂજા કરાય છે. અનુકંપા એ ગણેશ નો નિયમ છે, તેમનો કાયદો કાયમ વ્યાજબી હોય છે. ઉચિત ન્યાય તો તેમના હ્રદયે વસે છે.ૐ |
| **5** | શિવભક્તો બધા શિવ અને શક્તિના બીજા પુત્ર મહાદેવ **કાર્તિકેય** માં પણ શ્રદ્ધા ધરાવે છે, જેમની કૃપા દ્રષ્ટી સમાન **ભાલો** અજ્ઞાનના બંધનમાંથી મુક્તિ સાંપડે છે. **પદ્માસન** માં સ્થિર થયેલો યોગી ભગવાન **મુરુગન** ની પ્રાર્થના કરે છે. આમ પોતાના મનને સંયમીત કરી શાંતિ પ્રાપ્ત કરી શકે છે. ૐ |

| | |
|---|---|
| **6** | શિવભક્તો બધા માને છે કે દરેક જીવનું નિર્માણ ભગવાન શિવે કર્યું છે અને જીવ માત્ર ભગવાન શિવ ની અનુરુપતા ઝંખે છે. બધા જીવોની આવી અનુરુપતા ત્યારે જ સંભવે જ્યારે ભગવાનની કૃપાથી **અનવ**, **કર્મ** અને **માયા** ના બંધનોમાંથી તેમને મુક્તિ મળે. ૐ |
| **7** | શિવભક્તો બધા સૃષ્ટિ ત્રણ લોકમાં વહેંચાયેલી માને છે. તળમાં **ભુલોક**, જ્યાં આત્મા સજીવ સ્વરૂપો ધારણ કરે છે. ઉપર અવકાશમાં **અન્તરલોક**, જ્યાં આત્મા અપાર્થિવ સ્વરુપ ધારણ કરે છે, અને છેલ્લે ઉપર **શિવલોક**, જ્યાં આત્મા પોતાના અદ્રશ્ય તેજસ્વી સ્વરુપમાં હોય છે. ૐ |
| **8** | શિવભક્તો બધા કર્મના સિધ્ધાંતમાં માને છે, જે અનુસાર દરેકે પોતે કરેલા બધાં કર્મોનો ફળ ભોગાવવો પડે. એટલુંજ નહીં, પરંતુ દરેક આત્માએ કર્મફળનો ભોગવટો પુરો ન થાય ત્યાં સુધી ફરી ફરી જન્મ લેવો પડે. આવો ભોગવટો પુરો થયા પછી જ તે મુક્તિ મેળવી **મોક્ષ** પ્રાપ્ત કરી શકે. ૐ |
| **9** | શિવભક્તો બધા માને છે કે પવિત્ર આચાર-નિયમવાળું સદગુણી જીવન, ક્રિયાઓ અને મંદિરમાં પૂજા-અર્ચના ઉપરાંત **યોગ**, આ બધા વડે અને વર્તમાન સદગુરૂ ના આશીર્વાદ થકી પરશિવ- જે સમય અને સ્વરુપ થી પર એવી ભગવાન શિવ ની અનુભુતિ છે તેની પ્રાપ્તિ થાય છે, જે જ્ઞાન અને શાણપણ મેળવવા બહુ જરૂરી છે. ૐ |

| | |
|---|---|
| **10** | શિવભક્તો બધા માને છે કે આંતરિક રીતે કોઇ દૂષ્ટતા કે પાપ હોતાં નથી. પાપનું કોઇ સ્તોત્ર નથી, સિવાય કે પાપના પાયામાં અજ્ઞાન જ આપણને દેખાય. શિવભક્તો અનુકંપાવાળા હોય છે, કારણ તેઓ જાણે છે કે અંતમાં તો કશુ સારું કે ખોટું હોતું નથી, બધી શિવ ની લીલા માત્ર છે. ૐ |
| **11** | શિવભક્તો બધા માને છે કે સૃષ્ટિના ત્રણે લોકમાં એક સાથે સુસંગત શાંતિ એજ ધર્મનો મર્મ છે, આવી સુસંગતતા તો મંદિરમાં પ્રાર્થનાથી ઉદભવે જ્યાં ત્રણે લોકના જીવ અરસ- પરસ સંપર્ક કરી શકે છે. ૐ |
| **12** | શિવભક્તો બધા પંચાક્ષર **મંત્ર** માં માને છે. આ પવિત્ર મંત્ર **"નમઃ શિવાય"** એ **શિવમાર્ગી** ઑનો શ્રેષ્ટ અને અનિવાર્ય મંત્ર છે. નમઃ શિવાય નું રહસ્ય તે યોગ્ય હોઠે થી યોગ્ય સમયે સાંભળવામાં રહેલું છે. ૐ |